ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબારી યાદી** તા:૧૬/૦૯/૨૦૧૬

પ્રતિ,
તંત્રીશ્રી,

......................................................., ભાવનગર.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ભાવનગર
અને રોટરી કલબ, ભાવનગરના સંયુકત ઉપક્રમે

## ૧૬મી સપ્ટેમ્બર વિશ્વ ઓઝોન દિવસ ઉજવાયો.

વર્તમાન સમયમાં પૃથ્વીના વાતાવરણને જાળવવા અને માનવ જાતના રક્ષણ માટે ઘણા વર્ષોથી સતત પ્રયત્નો કરવામાં આવી રહયા છે. જેના ભાગ રૂપે સમગ્ર વિશ્વમાં આ વર્ષે ૨૨મો વિશ્વ ઓઝોન દિવસ (૧૬મી સપ્ટેમ્બર) ઉજવવામાં આવે છે.

આ વર્ષે **વિશ્વ ઓઝોન દિવસ**ને OZONE AND CLIMATE : RESTORED BY A WORLD UNITED **"ઓઝોન અને આબોહવા: તેનો સંગ્રહ અને પુન: સ્થાપન"** વિષય પર ઉજવવામાં આવી રહયુ છે.

જેના અનુસંધાને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ભાવનગર અને **રોટરી કલબ,** ભાવનગરના સંયુકત ઉપક્રમે Ozone Dialogue With Youth કાર્યક્રમ **તા. ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૬ શુક્રવારના રોજ સવારના ૧૦:૦૦ કલાકથી ૧૧:૩૦ કલાક** દરમ્યાન **રોટરી કલબ, ઘોઘા સર્કલ, ભાવનર** ખાતે યોજવામાં આવેલ.

ઉદઘાટન કાર્યક્રમમાં શ્રી આર. આર. વ્યાસ (પ્રાદેશિક અધિકારી, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ભાવનગર), ડૉ. રાજેશભાઈ કોઠારી (પ્રમુખ, રોટરી કલબ, ભાવનર), ડૉ. ભારતસીહ ગોહીલ (ડીર્પા. ઓફ લાઈફ સાયન્સ, એમ.કે.બી.યુનિ.,ભાવનગર) અને ડૉ.ભાવેશભાઈ ભરાડ (ચેરમેન, કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર) હાજર રહયા હતા.

ડૉ. રાજેશભાઈ કોઠારીએ પોતાના વકતવ્યમાં જણાવેલ કે વધતા આ પ્રદુષણથી પ્રતિદીન જીવોની અલગ અલગ પ્રજાતીઓ માંથી ૮૦ પ્રજાતીઓ નાશ પામે છે. તેને બચાવવા માટે પ્રદુષણ ફેલાવતા સાધનોનો બને તેટલો ઓછો ઉપયોગ કરવો. શ્રી આર. આર. વ્યાસ સાહેબે જણાવેલ કે ઓઝોન સ્તરમાં ગાબડા પડવાનાં મહત્તમ કારણો માનવ સર્જીત છે. તો એ બધા કારણો જાણી ઓઝોન સ્તર બચાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. મહેમાનોના વકતવ્ય બાદ મુખ્ય વકતા ડૉ. ભારતસીહ ગોહીલે ઉપરોકત વિષય પર વ્યાખ્યાન આપશે.

ઉપરોકત કાર્યક્રમનો કુલ મળીને ૨૧૦ વિદ્યાર્થીઓ, શીક્ષકો અને જાહેર જનતાએ લાભ લીધેલ.

(હર્ષદ જોષી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.